ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૯.૨ ડીગ્રી
લઘુતમ : ૧૦.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૩૪ ટકા

ગાંધીનગર તાપમાન

# જરૂર હોય તો લઈ જાવ, વધારે હોય તો મુકી જાવ

## ગાંધીનગરમાં પણ 'ભલાઈ કી દિવાર' જેવું હોર્ડિંગ્સ લાગ્યું! ગુપ્તદાન કરતા દાતાઓની ગુપ્તતા જળવાય સાથે દાન પ્રાપ્ત કરનાર ક્ષોભમાં ના મુકાય તેવી વ્યવસ્થાએ ઉત્સુકતા જન્માવી

ગાંધીનગર, તા.૧૮

આપણી સંસ્કૃતિમાં એવું કહેવામાં આવે છે કે 'જમણાં હાથે દાન કરો તો ડાબા હાથને ખબર ના પડવી જોઈએ.' ગાંધીનગરના સેકટર-૨૦ ખાતે એક આ પ્રકારનું જરૂરિયાતમંદને મદદરૂપ થવા માટે એક હોર્ડિંગ્સ લાગ્યું છે જેનો મદદ લેનારને ક્ષોભમાં મુકાયા વગર મદદ મળી શકે અને મદદ આપનાર પણ પોતાનું દાન ગુપ્ત રીતે કરી શકે તે પ્રકારનો ઉમદા હેતુ ધ્યાનમાં રખાયો છે.

થોડા વર્ષો પૂર્વે યુરોપમાં એક દેશમાં આ પ્રકારે 'વૉલ ઓફ હેપ્પિનેસ' પ્રખ્યાત થવા પામી હતી. આ દિવાલ પાસે નાગરિકો પોતાની પાસેની વધારાની ચીજવસ્તુઓ જે બીજાને ઉપયોગમાં આવી શકે તેવી હોય તેનો મુકી જતા હતા. આ ચીજવસ્તુઓમાંથી જરૂરિયાતમંદો પોતાને જરૂરી ઉપયોગી બને તવી ચીજવસ્તુઓ મેળવી શકતા હતા. આ પ્રકારની શરૂઆત પછી ભારતના એક બે શહેરોમાં 'ભલાઈની દિવાલ'ના નામથી ચાલુ થઈ હતી તે પણ પ્રચલિત થવા પામી હતી. હવે આજ કોન્સેપ્ટ પ્રકારે ગાંધીનગરમાં પણ આ પ્રકારે જરૂરિયાતમંદને મદદરૂપ થવાનો પ્રારંભ થયો છે.

ગાંધીનગરના સે-૨૧ પટ્રોલપંપ તરફથી સે-૨૦ તરફ જવાના ખાંચા સામે જ આ પ્રકારે એક હોર્ડિંગ લાગ્યું છે જેના પર લખ્યું છે 'જરૂર હોય તો લઈ જાવ, વધારે હોય તો મુકી જાવ'. આ ઉપરાંત હેલ્પ અને મદદ જેવા શબ્દો પણ મુકવામાં આવ્યા છે. આ હોર્ડિંગના નીચેની ધારે હેંગર લગાડાયેલા છે જેના પર દાતા પોતાની દાનમાં આપવાની ચીજવસ્તુ ટાંગી શકે છે. જે ચીજવસ્તુ જોઈ જેને તેની જરૂર હોય તે ત્યાંથી મેળવી શકે છે. આ પધ્ધતિમાં દાતા ગુપ્ત દાન કરી શકે છે અને દાન મેળવનાર ક્ષોભમાં મુકાયા વગર જરૂરિયાતની ચીજવસ્તુ પ્રાપ્ત કરી શકે છે. આ હોર્ડિંગ હાલ નગરજનોમાં ઉત્સુકતા જગાવવા સાથે ખૂબ ચર્ચાસ્પદ બન્યું છે.




## ગાંધીનગર સિવિલમાં વર્ષ ૨૦૧૭માં ૬ લાખથી વધુ દર્દીઓએ સારવાર લીધી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની હોસ્પિટલ કાર્યરત થઈ ત્યારબાદ ઉત્તરોત્તર દર્દીઓની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. મેડીકલ કોલેજ બનતા જ સિવિલ વિવિધ રોગના દર્દીઓથી ઉભરાઈ રહી છે. જેમાં વર્ષ ૨૦૧૪ની સરખામણીએ વર્ષ ૨૦૧૫માં દર્દીઓની સંખ્યા ૬૦ હજાર સુધી વધી હતી ત્યારે વર્ષ ૨૦૧૫ કરતા વર્ષ ૨૦૧૬માં ૩૦ હજાર જેટલા દર્દીઓ વધવા પામ્યા છે. એટલું જ નહીં વર્ષ ૨૦૧૭માં પણ દર્દીઓની સંખ્યા વધી છે. આ એક જ વર્ષમાં એક લાખ જેટલા દર્દીઓ વધ્યા હોવાનું સિવિલ હોસ્પિટલના આંકડાઓ ઉપરથી સાબિત થઈ રહ્યું છે. આ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ સિવિલમાં ડૉકટરોની સંખ્યામાં વધારો કરવાની સાથે હોસ્પિટલમાં નવા વોર્ડ તેમજ દર્દીઓની પથારીની સંખ્યા પણ વધારવામાં આવી છે. પાંચ માળની નવી ઓપીડી અને ૮ માળની નવી ઈમારતને કાર્યરત કરી દેવમાં આવી છે. જેને પગલે વધુ દર્દીઓને સારવાર મળી રહે છે ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૭માં આંકડાઓ પર નજર કરીએ તો સિવિલમાં બારમાસ દરમિયાન ઓપીડી અને ઈન્ડોર પેશન્ટ મળી કુલ ૭ લાખ થી પણ વધુ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. આ અંગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. બિપીન નાયકના જણાવ્યા અનુસાર ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલમાં પથારીઓ અને આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થતા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં ૫,૬૪,૦૧૩ ઓપીડી કેસ નોંધાયા છે તો ઈન્ડોર પેશન્ટમાં પણ વધારો થયો છે. સિવિલ હોસ્પિટલમાં ૫૧,૨૮૭ દર્દીઓને દાખલ કરીને સારવાર આપવામાં આવી હતી જયારે ૯૧ હજાર જેટલા દર્દીઓને તાત્કાલિક સારવાર વિભાગમાં સારવાર આપવામાં આવી છે. જે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઈતિહાસમાં સૌથી વધુ હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો. આ બાદ માસ દરમિયાન સૌથી વધુ દર્દીઓ માર્ચ અને ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં નોંધાયા છે. આ ત્રણ માસમાં કુલ બેડ કેપેસીટી પ્રમાણમાં અનુક્રમે ૮૮.૮૮ અને ૮૪.૧૧ ટકા દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

## પાટનગરમાં હવે પાણીનાં પાઉચ નહીં વેચવા દેવાય

ગાંધીનગર, તા.૧૮

મહાનગરપાલિકા દ્વારા શહેરને પ્લાસ્ટીક ફ્રી બનાવવા પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગ પર તવાઈ મચાવવામાં આવી છે ત્યારે મનપાની પ્લાસ્ટીક વિરોધી દળ હવે શહેરમાં પાણીના પાઉચનું વેચાણ કરતા વેપારીઓ પર સપાટો બોલાવશે. શહેરમાં જીઆઈડીસી વિસ્તારમાં ચાલતા પાણીના પ્લાન્ટ કે ફેકટરી ઉપર પણ ચેકીંગ કરવામાં આવશે ત્યાં પાણીના પાઉચ બનતા હશે તો ફેકટરી માલિક ઉપર પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

શહેરને પ્લાસ્ટીક ફ્રી સીટી બનાવવાના હેતુસર ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટીક વિરોધી દળ સક્રીય કરવામાં આવ્યો છે. ફાયર ઓફીસર મહેશ મોડને આ દળના વડા બનાવવામાં આવ્યા છે. શહેરની તમામ નાની મોટી શોપીંગ સેન્ટર અને લારી ગલ્લાઓ ઉપર દરોડા પાડી પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ, મસાલો બનાવવા વપરાતા પ્લાસ્ટીકના રેપર, ચાની કીટલીએ વપરાતા પ્લાસ્ટીકના કપ સહિતનો જથ્થો જપ્ત કરી કાડક કાર્યવાહી હાથ ધરી છે. આ ઝુંબેશ હજુ પણ ચાલુ જ છે. ત્યારે હવે પ્લાસ્ટીકના પાણીના પાઉચ ઉપર પણ તંત્ર દ્વારા તવાઈ લાવવામાં આવનાર છે. અધિકારી મહેશ મોડના જણાવ્યાનુસાર શહેરમાં ચાલતા મીનરલ પાણીના પ્લાન્ટ કે ફેકટરીઓ ઉપર પર દરોડા પાણી પાણીના પાઉચ બનાવતા બંધ કરાવાશે અને પાઉચ વેચતા દુકાનદારો અને લારી ગલ્લાધારકો પર પણ સપાટો બોલાવી માલ જપ્ત કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. સોમવારથી આ ઝુંબેશ શરુ કરવામાં આવશે તેમ અધિકારીએ જણાવ્યું છે.

### વાતવાતમાં

● ગાંધીનગરના ક રોડથી વાયા ઉવારસદ થઈને એસ.જી. હાઈવે તરફનો માર્ગ પહોળો કરવામાં આવી રહ્યો છે. માર્ગ પહોળો કરવાના કાર્યમાં વારંવાર કેબલ ટીવી નેટવર્કનો વાયર તેનો ભોગ બની રહ્યો છે જેને કારણે વાવોલના ટીવી દર્શકોને વારંવાર ચેનલો બંધ રહેવાની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.

● ગાંધીનગરમાં ટ્રાફિક નિયમન માટેના મુખ્ય ત્રણેય પ્રોજેકટ જેમાં ઈ-મેમો આપતા સીસીટીવી કેમેરા, ટ્રાફિક સિગ્નલ અને વાહનની સ્પીડ માપી ઓવર સ્પીડ દોડતા વાહન ચાલકોને દંડતા ઈન્ટરસેપ્ટરનો સમાવેશ થાય છે જે નિષ્ફળતાને વર્યા છે.

## ૬ હજાર જેટલા જનરેટ કરી દેવાયેલા ઈ-મેમો હવે રદ્દી

# વાહન ચાલકોએ રૂ. ૭.૫૦ લાખનો ઈ-મેમોનો દંડ હજુ ભર્યો જ નથી...!

## ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકોને રૂ. ૧૦ લાખ જેટલો દંદ ઈ-મેમો મારફતે ફટકારાયો : ૨૫ ટકા વાહનચાલકોએ જ દંડ ભર્યો : બાકીનો દંડ વસુલાશે

ગાંધીનગર, તા.૧૮

રાજય સરકારે ઈ-મેમો બંધ કરવાનો નિર્ણય લેતા ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અંતર્ગત ૩૬ લોકેશન ઉપર લગાડવામાં આવેલા ૨૩૦ સીસીટીવી કેમેરા હવે વાહનોની અવર-જવર જોવાના કામે લાગશે...! જો કે અત્યાર સુધીમાં ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકોને રૂ. ૧૦ લાખનો ઈ-મેમો મારફતે દંડ ફટકારવામાં આવ્યો છે. જો કે નવાઈની વાત એ છે કે રૂ. ૧૦ લાખ પૈકી રૂ. ૨.૫૦ લાખનો જ દંડ વાહનચાલકોએ ભર્યો છે એટલે કે ૨૫ ટકા લોકોએ જ દંડ ભર્યો છે બાકીના ૭૫ ટકા વાહનચાલકો પાસેથી ટ્રાફિક પોલિસ દંડ ઉઘરાવશે. તો બીજી તરફ સરકારે આ નિર્ણય લીધો ત્યાં સુધીમાં ૬ હજાર જેટલા ઈ-મેમો ગાંધીનગર પોલિસે જનરેટ કરી દીધેલા હતા. હવે આ ઈશ્યુ થયેલા ૬ હજાર ઈ-મેમો ડીસ્પેચ કરવામાં નહીં આવે. ૬ હજાર ઈ-મેમો હવે રદ્દી થઈ જશે.

મળતી માહિતી મુજબ સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગરમાં ૩૬ લોકેશન ઉપર ૨૩૦ સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. આ કેમેરા મારફતે ક્રાઈમ પ્રીવેન્શન, ડીટેકશન અને ઈ-ચલણ ઉપરાંત ક્રાઈમ ઈન્વેસ્ટીગેશનમાં ખુટતી કડીઓ મેળવવામાં આવે છે. જો કે ક્રાઈમ ડીટેકશનમાં સીસીટીવી કેમેરો કામ લાગ્યો હોય તેવા ખુબ ઓછા કિસ્સાઓ છે કરોડો રૂપિયાના ખર્ચે લાગેલા આ કેમેરા મોટે ભાગે માત્ર ઈ-મેમો (ચલણ) કાઢવા માટે જ વપરાતા હતા. હવે સરકારે એ પણ બંધ કરી દેવાનો નિર્ણય લેતા આ કેમેરા હવે શોભાના ગાંઠીયા સમાન બની ગયા છે. સરકારના આ નિર્ણય બાદ વાહન ચાલકોમાં અનેક પ્રશ્નો ઉદભવ્યા છે કે જે લોકોએ ઈ-ચલણ સ્વીકાર્યા બાદ દંડ ભર્યો નથી તેમણે શું કરવું? અગાઉ જેણે દંડ ભર્યા છે તે લોકોને દંડની રકમ પરત મળશે? આવા અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. તો તેનો જવાબ છે કે અગાઉ જેણે ઈ-ચલણ સ્વિકાર્યા બાદ દંડ ભર્યો નથી તેમને હજુ દંડ ભરવો પડશે. જેમણે દંડ ભરી દીધો છે તે પરત મળશે નહી. મળતી માહિતી મુજબ અત્યાર સુધીમાં ગાંધીનગર પોલિસે અંદાજે રૂ. ૧૦ લાખના ઈ-મેમો ઈશ્યુ કર્યા છે. જેમાંથી ૩૫ ટકા વાહનચાલકોએ જ દંડ હજુ સુધી ભર્યા છે. એટલે કે રૂ. ૨.૫૦ લાખનો દંડ જ વસુલાયો છે. જયારે ૭૫ ટકા લોકોએ (એટલે કે રૂ. ૭.૫ લાખ દંડ) હજુ પણ ભર્યો નથી આ તમામના દંડ વસુલવામાં આવશે. જો દંડ ભરવામાં નહીં આવે તો લાયસન્સ રદ કરવા સુધીના કડક પગલા લેવાશે. તે ઉપરાંત અત્યાર સુધી પોલિસે જનરેટ કરીને ડીસ્પેચ નહી કરેલા ૬ હજાર જેટલા ઈ-મેમો પડયા છે જે સરકારના નિર્ણયને પગલે હવે ડીસ્પેચ કરવામાં નહીં આવે...!



## ડુંગરી ગરાસિયા સેવા સમાજનો ચૌદમો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ ગુજરાત રાજય ગાંધીનગરનો ચૌદમો વાર્ષિક સ્નેહમિલન સમારોહ આગામી તા. ૪ ફ્રેબુઆરીને રવિવારના રોજ સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સમાજના સૌ સભ્યોને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા તેમજ સમાજની યુવા પ્રતિભાને સન્માનિત કરવા શૈક્ષણિક, રમત-ગમત, અન્ય વિશેષ સિધ્ધી, નવી નિમણુંક, બઢતી માટેની આધારભુત વિગતો અને સાંસ્કૃતિક કૃતિની વિગતો સબંધિત વોર્ડ પ્રતિનિધીને દિન-૩ માં પહોંચાડવા સંસ્થાના પ્રમુખ બી.વી.મોડીયાએ જણાવ્યું છે.




સરસ્વતી વિદ્યાલય સેકટર-૬ ખાતે પતંગોત્સવ તથા શાકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાલમંદિરથી ધોરણ-૧૨ સુધીના તમામ બાળકોએ પતંગ ચગાવવાની મજા માણી હતી. ત્યારબાદ શાકોત્સવ નિમિત્તે શાળામાં ઈ વેજીટેબલ શાક, બાજરીનો રોટલો, પુલાવ અને જલેબીની મજા માણી હતી.

## ગાંધીનગરનું ગૌરવ રૂદ્ર તેજસ ગાંધીને અભિનંદન

ગાંધીનગર, તા.૧૮

તાજેતરમાં ચેન્નાઈ ખાતે અલોહા ગણિતના આંકડાની ઝડપી ગણતરીની ૧૪મી રાષ્ટ્રીય સ્પર્ધામાં શ્રી રૂદ્ર તેજસ ગાંધીએ ૭ વર્ષની ઉંમરે કક્ષા ૧ ની સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં તેઓ વિજેતા બનતાં વિનર અને ચેમ્પિયનની ટ્રોફી મેળવીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે તે બદલ તેઓને અભિનંદન.




## સેકટર-૪ના બગીચામાં રવિવારે કાનૂની શિબિર

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લા અદાલત દ્વારા સેકટર-૪ના બગીચામાં તા. ૨૧મી જાન્યુઆરીના રોજ સાંજે ચાર વાગે બાળકો, મહિલાઓ અને સિનિયર સીટીઝનો માટે કાનુની માર્ગદર્શન શિબિર યોજવામાં આવેલ છે. જેમાં સીનીયર સીટીઝનો, મહિલાઓ અને બાળકો અંગે વિશિષ્ટ કાયદા અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

જેમાં પેરાલીગલ વોલન્ટીયર્સ જયરામભાઈ સોની, દિનેશભાઈ દવે, સીતારામ પટેલ કાનુની માર્ગદર્શન આપશે તેમ પેરાલીગલ વોલન્ટીયર્સ દિનેશભાઈ દવેએ જણાવેલ છે.

# ટીબીને નાથવા મેડીકલ સ્ટોર્સ ધારકોએ રજીસ્ટર નિભાવવું ફરજિયાત

## ટીબીની દવાના વેચાણ સાથે એચ-૧ રજીસ્ટર ના નિભાવનાર કેમિસ્ટ સામે થઈ શકે છે કાયદેસરની કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૮


ગાંધીનગરમાં જીવન જરૂરી દવાઓનું વેચાણ કરતા મેડીકલ સ્ટોર્સ ધારકોએ ક્ષય રોગની દવાના વેચાણ સાથે એચ-૧ રજીસ્ટર નિભાવવું ફરજીયાત હોવા છતાં આ બાબતે ઉદાસીનતા દાખવવામાં આવી રહી હોવાની વિગતો પ્રાપ્ત થવા પામી છે. મહારોગ ટીબીના દર્દીઓમાં ચિંતાજનક રીતે થઈ રહેલા વધારાને પગલે સરકાર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત ટીબીના દર્દી માટેની કેટલીક દવાઓનો એચ-૧ શિડયુલમાં સમાવેશ કરાય છે. એચ-૧ શિડયુલ હેઠળ સમાવેશ કરાયેલ દવાઓના વિતરણ માટે તેનું રજીસ્ટર નિભાવવું ફરજીયાત છે. જે મેડીકલ સ્ટોર્સ ધારક આ બાબતે ચૂક કરે તો તેની સામે કાયદેસરના પગલાં લેવાઈ શકે છે.

ભારતમાં ટીબી જેવી જીવલેણ બિમારી આરોગ્ય માટે વિકટ સમસ્યા સમાન બનતી જાય છે. દેશમાં પ્રતિ વર્ષ અંદાજીત ટીબીના ૨૦ લાખ નવા દર્દીઓ નોંધાય છે તેમજ બે લાખથી વધુ દર્દી મોતને ભેટી રહ્યા છે. અત્યારના સંજોગોમાં દર વર્ષે આશરે ૧૦ લાખ જેટલા દર્દીઓ તો કોઈ પણ જગ્યાએ નોંધાતા ના હોવાથી સર્વેલન્સમાં આવતા નથી તેવો અંદાજ છે. ટીબીને સરકારે પોલિયો, મેલેરિયા, કોલેરાની જેમ નોટીફાયેબલ ડિસીઝ જાહેર કરવા માંગ થઈ રહી છે. સરકારી હોસ્પિટલ્સમાં ટીબીની સારવાર-નિદાન વગેરે માટે વિના મૂલ્યે સેવા અપાઈ રહી છે. આમ છતાં, કેટલાક દર્દીઓ ખાનગી દવાખાનામાં સારવાર મેળવે છે. તેમજ નોંધણી કરાવતા નથી સરકારે અત્યારે ટીબી મુકત ભારતનું સ્વપ્ન સેવ્યું છે તેથી ટીબીના દર્દીઓ સર્વેલન્સમાં આવે તે જરુરી છે. આ કારણોસર ટીબીની દવાઓને એચ-૧ શિડયુલમાં મુકવામાં આવી છે. એચ-૧ શિડયુલની દવાઓ વિતરણ કરવા ૩ વર્ષ સુધી રજીસ્ટર નિભાવવું જરૂરી અને ફરજિયાત હોવા છતાં મેડીકલ સ્ટોર્સ ધારકોમાં આ બાબતે થોડા ઘણા અંશે ઉદાસીનતા દાખવવામાં આવે છે. આ બાબતે આરોગ્યતંત્ર દ્વારા એચ-૧ રજીસ્ટર ફરજિયાત નિભાવવા તાકીદ કરાઈ છે તથા તેમાં ચૂક કરનાર કેમિસ્ટ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૫માં તત્કાલીન જિલ્લા કલેકટર રવિશંકર દ્વારા આ બાબતે લેખિત સૂચના દરેક કેમિસ્ટને આપવામાં આવી હતી.

### શું છે એચ-૧ શિડયુલ??

એચ-૧ શિડયુલ એ નોટિફિકેશન એકટ હેઠળ આવરી લેવાયેલા રોગોની દવાઓનું લિસ્ટ છે જેમાં વર્ષ ૨૦૧૨ના મે માસની સાતમી તારીખે ભારત સરકારે ઠરાવ કરી ટીબીનો સમાવેશ કર્યો હતો. આ શિડયુલમાં અત્યારે લગભગ ૪૬ દવાઓ છે જેમાં ટીબી રોગ માટેની ૧૨ જેટલી દવાઓનો સમાવેશ થાય છે. આ દવાઓનું વિતરણ કરવા માટે કેમિસ્ટે રજીસ્ટરમાં ડોકટર્સનું નામ-સરનામું, દર્દીનું નામ-સરનામું તથા કઈ દવા કેટલા જથ્થામાં કઈ તારીખે લખી છે તેની નોંધ કરી તેને ત્રણ વર્ષ સુધી નિભાવવાનું હોય છે.



### ચિરવિદાય

- સ્વ. ઠાકોર જોરસિંહ સુરસંગજી, ઉ.વ. ૮૫
- સ્વ. ચંપાબેન વાસુદેવભાઈ ત્રિવેદી, ઉ.વ. ૯૨
- સ્વ. શાહ યોગેન્દ્રભાઈ સાંકળચંદ, ઉ.વ. ૬૦
- સ્વ. કાળાજી વાઘાજી ઠાકોર, ઉ.વ. ૫૨